ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ
ઠરાવ ક્રમાંક:-મકમ/૧૦૨૦૧૭/૪૩૧૪૪૩/છ
સચિવાલય, ગાંધીનગર
તારીખ:-૧૯/૦૯/૨૦૧૭

વંચાણે લીધા:-

(૧) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના તા.૨૧/૦૮/૨૦૧૭ ના પત્ર ક્રમાંક:- મકમ/૧૦૨૦૧૭/૪૩૧૪૪૩/છ માનસિક ક્ષતિવાળા બાળકોનું ગૃહ, કારેલીબાગ, વડોદરાના સંચાલન અને વ્યવસ્થાપન માટેનો સમજૂતિ કરાર (વર્ષ ૨૦૧૭-૨૦૨૨)

(૨) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, ગાંધીનગરના તા.૦૫/૦૯/૨૦૧૭ ના પત્ર ક્રમાંક:- સસુખા/અપગ/૧૭-૧૮/૩૦૨ તથા તે સાથેનો તા.૨૪/૦૮/૨૦૧૭ ના રોજનો સમજૂતી કરાર.

પ્રસ્તાવના:-

સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના વંચાણે લીધેલા ક્રમાંક :- (૧) ના તા.૨૧/૦૮/૨૦૧૭ ના પત્રથી માનસિક ક્ષતિવાળા બાળકોનું ગૃહ, કારેલીબાગ, વડોદરાના સંપૂર્ણ સંચાલન અને વ્યવસ્થાપન માટે ચેરમેનશ્રી, ગુજરાત આલ્કલીઝ અને કેમીકલ લીમીટેડ એજ્યુકેશન સોસાયટી, વડોદરા ને સોંપવા માટેનો વર્ષ ૨૦૧૭-૨૦૨૨ સુધીનો સમજૂતિ કરાર મંજૂર કરવામાં આવેલ છે.

નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, ગાંધીનગરના વંચાણે લીધેલા ક્રમાંક:- (૨) ના તા.૦૫/૦૯/૨૦૧૭ ના પત્રથી માનસિક ક્ષતિવાળા બાળકોનું ગૃહ, કારેલીબાગ, વડોદરા ખાતે સમાજ સુરક્ષા અને ગુજરાત આલ્કલીઝ અને કેમીકલ લીમીટેડ એજ્યુકેશન સોસાયટી દ્વારા પી.પી.પી. ના ધોરણે શરૂ કરવાની દરખાસ્ત કરવામાં આવેલ, જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

પુખ્ત વિચારણાને અંતે નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતું અને ગુજરાત આલ્કલીઝ અને કેમીકલ લીમીટેડ એજ્યુકેશન સોસાયટી વચ્ચે વડોદરા જિલ્લામાં માનસિક ક્ષતિવાળા બાળકોનું ગૃહ, કારેલીબાગ, વડોદરાના સંપૂર્ણ સંચાલન અને વ્યવસ્થાપન માટે સમજૂતિ (૨૦૧૭-૨૦૨૨) સપ્ટેમ્બર – ૨૦૧૭ ના થયેલ કરાર મુજબ પી.પી.પી. ના ધોરણે વડોદરા ખાતે નીચે જણાવેલ વિગતે સંસ્થાનું વહીવટી સંચાલન કરવા માટેની આથી મંજુરી આપવામાં આવે છે.

વડોદરા ખાતે આવેલ માનસિક ક્ષતિવાળા બાળકોનું ગૃહ અને ગુજરાત આલ્કલીઝ અને કેમીકલ લીમીટેડ એજ્યુકેશન સોસાયટી દ્વારા નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, ગાંધીનગર વચ્ચે પી.પી.પી.ના ધોરણે સદરહુ સંસ્થાના સંચાલન માટે કરાર થયેલ છે. કરાર અનુસાર સમાજના દિવ્યાંગ માનસિક ક્ષતિવાળા બાળકોને

નિયામક, સમાજ સુરક્ષા ખા. ગાંધીનગર.
આવક રજી. નં. ૩૧૫૮
તારીખ: 21 SEP 2017
શાખા:
કચેરી અધિક્ષક ઈનવર્ડ ક્લાર્ક

મૂળભૂત જરૂરીયાતો પુરી પાડવા તથા સમાજમાં પગભર કરવા માટેની પ્રવૃત્તિઓનું સંચાલન તેમજ તેઓનું પુનઃસ્થાપન કરવાનું રહે છે.

આમ, વડોદરા શહેરની સમાજ સુરક્ષા ખાતાના નિયંત્રણ હેઠળની માનસિક ક્ષતિવાળા બાળકોનું ગૃહ, વડોદરાની સંસ્થાને વધારે સુવિધાઓ આપી ગુણવત્તાસભર વહીવટ ચલાવવા માટે ગુજરાત આલ્કલીઝ અને કેમીકલ લીમીટેડ એજ્યુકેશન સોસાયટી તરફથી પી.પી.પી. મોડેલના ધોરણે ચલાવવા માટેની દરખાસ્ત મળેલ હતી. આ દરખાસ્તના અનુસંધાને રાજય સરકાર તરફથી આ સંસ્થાનું સંચાલન ગુજરાત આલ્કલીઝ અને કેમીકલ લીમીટેડ એજ્યુકેશન સોસાયટી ને સોંપવા માટે તા.૨૨-૭-૨૦૧૭ના રોજ કરાર કરવામાં આવેલ.

ગુજરાત આલ્કલીઝ અને કેમીકલ લીમીટેડ એજ્યુકેશન સોસાયટી એ સામુદાયિક સેવા ક્ષેત્રે બહોળો અનુભવ ધરાવતા હોઇ ગુજરાત સરકારના વિવિધ ખાતાઓ સાથે જાહેર-ખાનગી ભાગીદારી પી.પી.પી. માં કામ કરવાનો વ્યાપક અનુભવ છે. ગુજરાત આલ્કલીઝ અને કેમીકલ લીમીટેડ (GACL) માત્ર જાહેર-ખાનગી ભાગીદારીના સંચાલન અને મુલ્યાંકનની સઘન પધ્ધતિ વિકસાવીને દરમિયાનગીરીની અસરો અને પરિણામોની સિધ્ધી ક્ષેત્રે પણ પોતાની ક્ષમતા સાબિત કરી છે.

સંસ્થામાં આધુનિક અને સમગ્ર સુવિધાઓ નીચે જણાવ્યા મુજબ આપવામાં આવશે.

૧. પ્રવર્તમાન માળખાકીય સેવાઓ, પુરવઠો તથા ભૌતિક સુવિધાઓમાં સુધારા કરી તે દ્વારા સંસ્થાની સુવિધાઓ વધારવી (૧૦૦%)
૨. જરૂરીયાતમંદ બાળકો માટે ખાસ પ્રકારના તજજ્ઞની સેવા લેવી અથવા યોગ્ય કર્મચારી ગણની નિમણૂક કરવી (વધારાનો અને ખાસ સ્ટાફ)
૩. બાળકોની માનસિક તથા શારીરિક ક્ષમતા ધ્યાને લઇ વ્યક્તિગત કાળજી માટે પ્લાન બનાવવો (૧૦૦%)
૪. યોગ્ય અને ખાસ પ્રકારની એજન્સી સાથે સંકલન કરી સ્ત્રોતોની ગતિશીલતા વધારવી તથા સેવાઓ અને સુવિધાઓ વધારવી.

**<u>પ્રોજેકટ ઉદેશ</u>**

<u>પ્રથમ વર્ષે</u>

૧. ૧૦૦ ટકા ઇન્ફ્રાસ્ટ્રકચર અને ભૌતિક સુવિધાઓ (સાધનસામગ્રી) ની જોગવાઇ કરવી જે ખાસ કાળજી માટે મીનીમમ પાયાની જરૂરીયાત હોય

૨. સરકાર દ્વારા નિમણુંક થયેલ સ્ટાફ ઉપરાંત ખાસ સેવાઓ માટે જરૂરી ૯૦ ટકાથી વધારે માનવ સંસાધન નિમણુંક કરવામાં આવશે.

3. સ્ટેક હોલ્ડર (ભાગીદાર)ની સાથે સંકલનમાં રહી દરેક બાળક માટે વ્યકિતગત કેર પ્લાન બનાવવાની શરૂઆત કરવાની રહેશે.

૪. વ્યકિતગત જરૂરિયાત મુજબ મેડીકલ તથા થેરાપીની સુવિધાઓ મજબુત બનાવવી.

<u>દ્વિતિય વર્ષ (૨૦૧૮-૧૯)</u>

૧. સ્ટેક હોલ્ડર (ભાગીદાર) ની સાથે સંકલનમાં રહી દરેક બાળક માટે ૧૦૦ ટકા વ્યકિતગત કેર પ્લાન બનાવવાના રહેશે.

૨. ઇન્ફ્રાસ્ટ્રકચરનો ૧૦૦ ટકા કાર્યક્ષમતા અને મહતમ ઉપયોગ તથા ઉચ્ચ ગુણવતાની સેવાઓ પુરી પાડવી.

3. ૫૦ ટકા નિવાસી શૈક્ષણીક સુવિધાઓ આપવી.

<u>ત્રુતિય વર્ષ (૨૦૧૯-૨૦)</u>

૧. નિષ્ણાંત ટ્રેનર દ્વારા નિવાસી વ્યવસાયિક તાલીમ આપવી.

૨. એડીએલમાં ૧૦૦ ટકા નિયમિત દિનચર્યા અને સુધારેલી સ્વતંત્રતા, મનોરંજન અને અન્ય પ્રવૃત્તિઓ પર ધ્યાન કેન્દ્રિત કરવું.

3. ઓછામાં ઓછા ૧૦ બાળકોનું પુન:વસન પર ધ્યાન આપવું

૪. ૮૦ ટકા નિવાસી શૈક્ષણિક સુવિધાઓ આપવી.

<u>ચતુર્થ વર્ષ (૨૦૨૦-૨૧)</u>

૧. વ્યવસાયિક તાલીમ માટેનું કેન્દ્ર શરુ કરવુ અને તેનો મહતમ ઉપયોગ કરવો.

૨. દરેક નિવાસીના કૌશલ્ય, ગતિશીલતા અને સુખાકારીમાં ૬૦ ટકા સુધારો કરવો.

3. મોટા પ્રમાણમાં સમાજને સુવિધાઓ આપવી.

<u>પાંચમુ વર્ષ (માર્ચ-૨૦૨૧ સપ્ટેમ્બર-૨૦૨૨)</u>

૧. દરેક નિવાસીના કૌશલ્ય, ગતિશીલતા અને સુખાકારીમાં ૯૦ ટકાથી વધારે સુધારો કરવો.

૨. માનસિક ક્ષતિવાળા બાળકો માટેનું ગૃહ, સંસ્થાનું અમલીકરણ અને વ્યવસ્થાપન સરળ બનાવવું.

3. વિશાળ પ્રમાણમાં સુવિધાઓ સમાજ સુધી પહોંચાડવી.

| ક્રમ | મંજુર થયેલ જગ્યાનું પુરૂ નામ | જગ્યાની સંખ્યા | જગ્યાનું નવું પગાર ધોરણ ગ્રેડ પે | માસિક ફિક્સ પગાર |
|---|---|---|---|---|
| ૧ | અધિક્ષક | ૧ | ૯૩૦૦-૩૪૮૦૦-૪૪૦૦ | રૂા.૧૫૫૦૦/- |
| ૨ | સિનિયર ક્લાર્ક | ૧ | ૫૨૦૦-૨૦૨૦૦-૨૪૦૦ | રૂા.૧૫૦૦૦/- |
| ૩ | જુ.કલાર્ક-કમ-હા.માસ્તર | ૧ | ૫૨૦૦-૨૦૨૦૦-૧૯૦૦ | રૂા.૧૦૦૦૦/- |
| ૪ | વોચમેન | ૧ | ૪૪૪૦-૭૪૪૦-૧૩૦૦ | આઉટસોર્સ |
| ૫ | પટાવાળા | ૧ | ૪૪૪૦-૭૪૪૦-૧૩૦૦ | આઉટસોર્સ |
| ૬ | એટેન્ડન્ટ | ૧ | ૪૪૪૦-૭૪૪૦-૧૩૦૦ | આઉટસોર્સ |
| ૭ | આયા | ૧ | ૪૪૪૦-૭૪૪૦-૧૩૦૦ | આઉટસોર્સ |
| ૮ | સ્વીપર | ૧ | ૪૪૪૦-૭૪૪૦-૧૩૦૦ | આઉટસોર્સ |
| ૯ | રસોયા | ૧ | ૪૪૪૦-૭૪૪૦-૧૩૦૦ | આઉટસોર્સ |
| ૧૦ | મેલગાર્ડ | ૧ | ૪૪૪૦-૭૪૪૦-૧૩૦૦ | આઉટસોર્સ |
| ૧૧ | સહાયક એટેન્ડન્ટ | ૧ | ૪૪૪૦-૭૪૪૦-૧૩૦૦ | આઉટસોર્સ |
| ૧૨ | ઓક્યુપેશન થેરાપીસ્ટ | ૧ | ૯૩૦૦-૩૪૮૦૦-૪૪૦૦ | રૂા.૧૫૫૦૦/- |
| ૧૩ | ઉદ્યોગ શિક્ષક | ૧ | ૩૫૦૦ ફિક્સ પગાર | રૂા.૧૫૫૦૦/- |
| ૧૪ | નર્સ | ૧ | ૫૨૦૦-૨૦૨૦૦-૧૯૦૦ | રૂા.૧૦૦૦૦/- |

સદરહુ કરારમાં થયેલી જોગવાઇ મુજબ આ કરાર શરૂઆતના પાંચ વર્ષ માટે <u>સપ્ટેમ્બર</u> -૨૦૧૭ થી <u>સપ્ટેમ્બર</u> -૨૦૨૨ સુધી અમલમાં રહેશે અને ત્યારપછી સિધ્ધિના સુચક આંક સમીક્ષાના આધારે બીજા પાંચ વર્ષ માટે તેનું નવીનીકરણ કરવામાં આવશે. તથા સરકાર સંચાલિત સંસ્થા હોય છે તે મુજબ એમઓયુ હેઠળ સૂચિત ભાગીદારી પબ્લીક પ્રાઇવેટ પાર્ટનરશીપ જેમાં સરકાર સંસ્થાનો તમામ નિયમોનુસારનો ખર્ચ ભોગવશે. ગુજરાત આલ્કલીઝ અને કેમીકલ લીમીટેડએ સંસ્થાના વ્યવસ્થાપનમાં જથ્થાત્મક તેમજ ગુણાત્મક કુશળતા લાવશે અને કામગીરી સુધારવા માટે સંકુલના સંચાલન માટે સરકારના ભંડોળ ઉપરના તમામ વધારાના ખર્ચ ભોગવશે.

ઉકત કરેલ કરાર હેઠળનો વિવાદ ગાંધીનગર જીલ્લાની અદાલતોની કાર્યક્ષત્રને અધીન રહેશે.

ગુજરાત આલ્કલીઝ અને કેમીકલ લીમીટેડ એજ્યુકેશન સોસાયટીએ જે આધાર પર મંજુરી મેળવી છે તેના વ્યવસ્થાપન કે ઉદેશોમાં કોઇપણ ફેરફાર કરવાનો થાય તો ગુજરાત આલ્કલીઝ અને કેમીકલ લીમીટેડ એજ્યુકેશન સોસાયટી

એ ગુજરાત સરકારના સમાજ સુરક્ષા ખાતાને ૧૫ દિવસની અંદર જાણ કરીને તે માટેની પરસ્પર મંજુરીથી ફેરફાર થઇ શકશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર આ વિભાગના અગ્રસચિવશ્રી ( સા.ન્યા )ની તા.૧૬/૦૯/૨૦૧૭ ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

"ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે"

( જી.બી.વણઝારા )
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન.મંત્રીશ્રી ( સા.ન્યા )ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- અગ્રસચિવશ્રી ( સા.ન્યા )ના અંગત સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ , સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, ૧૬, ડો.જીવરાજ મહેતા ભવન, જુના સચિવાલય, ગાંધીનગર
- પ્રમુખશ્રી, ગુજરાત આલ્કલીઝ અને કેમીકલ લીમીટેડ એજ્યુકેશન સોસાયટી, કાલાઘોડા, સયાજીગંજ, વડોદરા
- એકાઉન્ટ જનરલશ્રી, ગુજરાત, અમદાવાદ/રાજકોટ
- એકાઉન્ટ જનરલશ્રી ( એ એન્ડ ઇ ), ગુજરાત, અમદાવાદ/રાજકોટ
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ ( મારફતે :- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, ૧૬, ડો.જીવરાજ મહેતા ભવન, જુના સચિવાલય, ગાંધીનગર )
- સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ ( મારફતે :- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, ૧૬, ડો.જીવરાજ મહેતા ભવન, જુના સચિવાલય, ગાંધીનગર )
- સિલેકટ ફાઇલ